

# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ (ચાલુ) વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ મહા

## વિચાર પીયૂષ

આ બધો મેળો ચાર દિવસનું પ્રદર્શન છે. એના મોહમાં ડૂબી માણસ ભાન ભૂલી જાય છે, અને ક્રોધ, માન, માયા, લોભના કાદવમાં ખૂંચી જઈ કર્તવ્યભ્રષ્ટ થાય છે. પરિણામે તે અહીં તો અશાંતિ ભોગવે છે જ, પણ મરણોત્તર ભાવિ જીવનમાં પણ એને લાંબા કાળ સુધી બહુવિધ દુઃખોમાં પટકાવું પડે છે.

નિઃસંદેહ કષાયોના ચક્કરમાં પડી પોતાનું અનંત સનાતન ધન ગુમાવવું એના જેવી ભયંકર મૂર્ખતા બીજી કોઈ નથી.

સમગ્ર શુભ-અશુભના મૂળમાં વિચારનું જ પ્રાધાન્ય છે. માટે અશુભને ડામવા વિચારને સુધારીએ. એમાં જ આંતરિક શાંતિ છે, અને એમાં જ સ્વપરના કલ્યાણની ચાવી છે.

મુનિ ન્યાયવિજયજી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક ૬૯ ] ફેબ્રુઆરી : ૧૯૭૨ [ અંક : ૪

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | લેખકનું નામ | પૃષ્ટ |
|---|---|---|---|---|
| ૧. | જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા | .... | — | ૫૩ |
| ૨. | શાંતિનાથ ભગવાન | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૫૫ |
| ૩. | અંતરની આરઝૂ (સામાન્ય જિન સ્તવન) | .... | મુનિ પ્રદ્યુમ્નવિજય | ૫૯ |
| ૪. | લોકપ્રિય થવાની કળા | .... | વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ. | ૬૦ |
| ૫ | રાણકપુર તીર્થનો સંક્ષિપ્ત ઈતિહાસ | .... | મુનિ ન્યાયવિજયજી | ૬૫ |


## સાભાર ગ્રંથ સ્વીકાર

૧. જૈન ધર્મ અને માંસાહાર-પરિહાર : શ્રી હિંસા વિરોધ સંઘ નગર શેઠનો વંડો, જુની સીવીલ સામે, અમદાવાદ.

૨. સુંદરદાસ-રાજા વિક્રમાજીત કોણ હતો : લે. પાર્શ્વ આર્યરક્ષિત પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદીર પાલીતાણા

૩ શ્રી ધર્મકથાઓ : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા.

## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

| | રૂા પૈ. | | રૂા. પૈ. |
|---|---|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫-૦૦ | ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) પૂ. આ. વિજયકસ્તુરસૂરિજી | ૧૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ | | |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ | ૧૧ સ્યાદ્વાદ મંજરી | ૧૫-૦૦ |
| ૪ શ્રી આદિનાથ ચરિત્ર | ૧૫-૦૦ | ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભ. ૨ | ૨-૦૦ | ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ | ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ | ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ | ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ | | |

卐

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

For Private And Personal Use Only

નવા માનવંતા પેટ્રન

# શ્રી જીવરાજભાઈ નરભેરામભાઈ મહેતા

## ( ટૂંક જીવન પરિચય )



શ્રી જીવરાજભાઈનું મૂળ વતન ધ્રોળ. તેમનો જન્મ સં. ૧૯૬૧ના ભાદરવા શુદિ ૧ ગુરૂવાર તા. ૩૧–૮–૧૯૦૫ના દિવસે ધ્રોળમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ નરભેરામભાઈ અને માતાનું નામ નરભેકુંવર. શ્રી જીવરાજભાઈએ પ્રાથમિક અભ્યાસ ધ્રોળ અને જોડિયામાં કર્યો હતો અને જામનગરમાં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. મેટ્રીક પાસ થઈ જુનાગઢ બહાઉદ્દીન કોલેજમાં દાખલ થયા, પણ મૂળથી જ તેમનું લક્ષ ધંધા પ્રત્યે હતું એટલે થોડા વખત બાદ કોલેજ છોડી સ્વતંત્ર ધંધાની શોધમાં પડ્યા.

ઈ. સ. ૧૯૨૪માં ૧૯ વર્ષની વયે તેમના લગ્ન જામનગર પાસેના ડબાસંગ ગામના શ્રી પોપટલાલ કોઠારીના પુત્રી શ્રી શાંતાબહેન સાથે થયા અને પછી ધંધાની શોધમાં મુંબઈ આવ્યા. વ્યવહારકુશળતા, માણસને પારખવાની શક્તિ અને ધંધામાં જરૂરી એવા તમામ ગુણો હોવાના કારણે ધંધામાં તેમણે ઝડપી વિકાસ સાધ્યો. દીર્ઘદૃષ્ટિ અને સાહસિક વૃત્તિ આ બંનેનું તેમના જીવનમાં સુભગ મિલન થયું છે. મુંબઈમાં કાપડના સ્ટોરનો અનુભવ લીધો. તેમની મહત્ત્વાકાંક્ષા વિશાળ હતી અને અત્યંત મહેનતુ હોવાથી ધંધાની સાથે સાથે અનેક અન્ય પ્રવૃત્તિઓમાં રસ લેવા લાગ્યા. દૂધની ડેરીનો અનુભવ લીધો અને પેટ્રોલનો પંપ કરી તે લાઈનનો પણ અનુભવ મેળવ્યો. પછી તો તેઓ જાણીતી અને સુપ્રસિદ્ધ નરોત્તમદાસ કરશનદાસ કંપનીના ભાગીદાર બન્યા. ફત્તેહની પાછળ ફત્તેહ ચાલી જ આવે છે એમ પુરુષાર્થવડે તેઓ સુપ્રસિદ્ધ ભારત વિજય વેલવેટ એન્ડ સીલ્ક મીલ્સના ડીરેક્ટર અને ભાગીદાર બન્યા. બાલ્યવયથી જ તેઓ સ્વાવલંબી અને સ્વાશ્રયી છે અને જાત મહેનતથી આગળ વધી શૂન્યમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરી એમ તેમના વિષે વગર સંકોચે કહી શકાય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધંધામાં રચ્યાપચ્યા રહેવા છતાં શ્રી જીવરાજભાઈ સામાજિક તેમજ કળાક્ષેત્રે પણ રસ ધરાવે છે અને પોતાની સેવા આપે છે. તેઓ ઘાટકોપરની લાયન્સ કલબના ભૂતપૂર્વના પ્રમુખ છે. પ્રોગ્રેસીવ ગ્રુપના તેઓ માનદ સભ્ય છે. બોમ્બે સીવિક ટ્રસ્ટની મેનેજીંગ કૌંસીલના તેઓ મેમ્બર છે. ભારત વિજય વેલવેટ એન્ડ સીલ્ક મીલની એમપ્લોયીઝ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના તેઓ પ્રમુખ છે તેમજ આદિત્ય ટેક્ષટાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ (પ્રા.) લી. ચેરીટબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. પેસેન્જર એન્ડ ટ્રાફીક રીલીફ એસોસિએશનની એકઝીક્યુટીવ કમિટીના એક સભ્ય છે. ભારતી વિદ્યાભવન મહારાષ્ટ્ર યુનાઇટેડનેશન એસોસિએશન તેમજ બોમ્બે પ્રોડકિટવિટી કૌંસીલના તેઓ લાઈફ મેમ્બર છે. ધ્રોળ મિત્ર મંડળ, મુંબઇ તેમજ ઇન્ડીઅન ફોલ્ક આર્ટ ફાઉન્ડેશન મુંબઇના તેઓ ઉપપ્રમુખ છે. આ રીતે એક ઉદ્યોગપતિ અને વેપારી હોવા છતાં અનેક સામાજિક સંસ્થાઓમાં તેઓ તન-મન-ધન પૂર્વક પોતાની સેવા આપી રહ્યાં છે.

સંગીતના તેઓ ભારે શોખીન અને અભ્યાસી છે, એટલું જ નહિ પણ સંગીતની કેટલીક સંસ્થાઓમાં પણ તેઓ અપૂર્વ રસ લે છે. શ્રી વલ્લભ શિક્ષણ સંગીત આશ્રમના તેઓ પેટ્રન છે તેમજ ભારતીય સંગીત સમિતિના તેઓ પ્રમુખ છે. સૂર સીંગાર સંસદના તેઓ ઉપપ્રમુખ છે. આમ વિધવિધ કળાક્ષેત્રે પણ તેઓ ઉત્તમ પ્રકારનો રસ ધરાવે છે તેમજ પોતાની સેવાનો લાભ પણ આપે છે.


શ્રી જીવરાજભાઇ સ્વભાવે અત્યંત મિલનસાર, સાદા અને વિનમ્ર છે. સામાન્ય સ્થિતિમાંથી જીવનની શરૂઆત કરી તેઓ સફળતાની ટોચે પહોંચ્યાં હોવા છતાં તે બાબતનું તેમનામાં જરાએ ઘમંડ કે અભિમાન ન મળે. તેમના એકના એક પુત્ર ભાઈ નગીનદાસ પણ ધંધામાં પિતાની સાથે જોડાઇ ગયેલા છે અને તેઓ પણ પિતાને પગલે ચાલી અનેક સામાજિક સંસ્થાઓમાં પોતાની સેવાનો લાભ આપે છે.

શ્રી જીવરાજભાઇના પત્ની શ્રી શાંતાબહેન અત્યંત ધર્મનિષ્ઠ, વ્યવહારકુશળ અને સેવાભાવી છે. તેમનું નિવાસસ્થાન એક અતિથિ સત્કાર ગૃહ જેવું છે.

શ્રી જીવરાજભાઇએ ઉદ્યોગ-વ્યાપાર-સમાજ તેમજ સામાજિકક્ષેત્રે આજ સુધીમાં જે યશ પ્રાપ્તિ કરી છે તે તેમની દીર્ઘદૃષ્ટિ અને આત્મવિશ્વાસને આભારી છે. તેમના જેવા ઉદાર, ધર્મનિષ્ઠ, સેવાપ્રેમી અને સૌજન્યશીલ મહાનુભાવને પેટ્રન તરીકે મેળવવા માટે આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૬૯] વિ. સં. ૨૦૨૮ મહા ∴ ઈ. સ. ૧૯૭૨ ફેબ્રુઆરી [અંક-૪

# જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા

જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કહો અથવા ધર્મનું સ્થાન કહો. એકની એક વાત છે, ગમે તેવો વિશાળકાય હાથી હોય પણ તે જેમ દંતુ શૂળ વિના શોભતો નથી, અશ્વ દેખાવમાં ગમે તેવો સુંદર હોય પણ તે તેની સુંદર ચાલ વિના શોભતો નથી, ચંદ્રવિના રજની શોભતી નથી, વિનય ગુણ વિના પુત્ર શોભતો નથી. તેમ ધર્મ વિના જીવ ન શોભતું નથી. શરીરની શોભા ઉપર ઉપરથી ગમે તેટલી સારી હોય પણ તેમાં જીવન હોય તો તે શોભા શા કામની; તેમ ધર્મ વિનાનું જીવન એ જીવ વિનાનાં મૃત કલેવર જેવું છે. પૂ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ 'શાસ્ત્ર વાર્તા સમુચ્ચય' ગ્રંથમાં ફરમાવે છે કે

उपादेयश्च संसारे धर्म एव सदा बुधैः ।
विशुध्धो मुक्तये सर्वं यतोऽन्यद् दुःखकारणम् ॥

## સાધનને સાધ્ય ન માનો

આ સંસારમાં વિશુદ્ધ ધર્મજ બુધજનોને મુક્તિ અર્થે સદા ઉપાદેય છે આદરથી ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે બીજું બધુંય અંતે દુઃખનું કારણ હોય છે. હેય, જ્ઞેય અને ઉપાદેય આ ત્રણમાં બધાં તત્વો સમાઇ જાય છે, નવ તત્ત્વમાં આશ્રવ, બંધ અને પાપ એ ત્રણ તત્ત્વો હોય છે, પુણ્યાનુબંધી પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ઉપાદેય છે, જીવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને અજીવ એ જ્ઞેય છે, હેયનો અર્થ છાંડવા યોગ્ય, ઉપાદેયનો અર્થ આદરવા યોગ્ય અને જ્ઞેયનો અર્થ જાણવા યોગ્ય છે, જીવનમાં ધર્મ અને મોક્ષની જ ઉપાદેયતા હોવી જોઇએ તમે કહેશો કે મહારાજ તમે ગમે તેટલું સમજાવો પણ અમારા અંતરમાં તો રોકડા કે કુકાની ઉપાદેયતા બેઠી છે, અમને તો ભજકલદારમ્ ઉપાદેય લાગે છે અને જીવનમાં ડગલે ને પગલે જરૂર પણ અમને એની જ જણાય છે, સવારના અમારે શાક માર્કીટમાં જવું હોય તોયે ખિસ્સામાં રૂપિયો બે રૂપિયા જોઇએ. માટે અમારા મગજમાં એની હેયતા શી રીતે સમજાય ? અને ધર્મની ઉપાદેયતા શી રીતે આવે !

એ બધી વાત તમારી સાચી છે, અર્થ એ જીવનમાં સાધન રૂપ વસ્તુ છે, ગૃહસ્થીને જીવનમાં એની જરૂર પડે એ બધી વાત કબૂલ છે, તમે કાંઇ અમારી જેમ બાર વાગ્યે હાથમાં ઝોળી લઇને નીકળી શકવાના નથી, પણ જે સાધનને સાધ્યરૂપ માની બેઠા છો ત્યાં અમારો વાંધો છે, તમે અર્થાર્જન કરતા હો એ તમે જાણો પણ એની નિઃસારતા તમારા મગજમાંથી જવી ન જોઇએ, નિર્વાહના ધ્યેયથી નીતિના રસ્તે ચાલીને અર્થાર્જન તમારે કરવું પડતું હોય એ જુદી વાત છે, પણ તેમાં બહુ ભેગું કરવાની બુદ્ધિ ન હોવી જોઇએ, ગમે તેટલું મેળવેલું હશે પણ અંતે મૂકીને જવાનું છે, ત્યાં ભેગું કોના સારુ કરવું પડે છે ? માટે જીવનમાં ઉપાદેયતા તો ધર્મની જ હોવી જોઇએ, જ્યાં સુધી જીવનમાં ધર્મની ઉપાદેયતા ન આવે અને અર્થ અને કામની હેયતા ન સમજાય ત્યાં સુધી જીવ પહેલે ગુણઠાણે છે, આજે તમારી અર્થાર્જન કરવા માટેની તડામાર પ્રવૃત્તિ જ્યાં જોઇએ છીએ અને ધર્મમાં ઉદાસીનતા જોઇએ છીએ ત્યાં અમને ઘડીભર વિચાર થઇ આવે છે કે, આ જીવો કયા ગુણઠાણે વર્તતા હશે, તમે જ કહોને કે આજે ચોવીશ કલાકમાં તમારી અર્થાર્જન માટેની પ્રવૃત્તિ કેટલી અને ધર્મમાં પ્રવૃત્તિ કેટલી ? ધર્મમાં માંડ એકાદ કલાક અને અર્થાર્જનમાં કેટલા કલાક બાકીના બધાય કલાક અર્થાર્જનની પ્રવૃત્તિમાંજ સમજી લેવાને, ત્યારે એ એમ જણાય છે કે, જીવનમાં ધર્મની ઉપાદેયતા આવી નથી, અને અર્થની ઉપાદેયતા મગજમાંથી ગઈ નથી, શ્રી વીરવિજયજી પૂજાની ઢાળમાં જણાવે છે કે-

"સંસારમાંહે, એકસારજાણી,- કંચન – કામિનીરે;
ન ગણી જપમાળા એકનાથ ? નિરંજન નામનીરે"

કંચન, કામિની, કાયા, કુટુંબ અને કીર્તિ આ પાંચ કકારને જીવે સાર રૂપ માન્યા છે, પણ એને ખબર નથી કે આ કક્કાર કંપની અંતે દેવાળિયા કંપની છે "ધી કાયા કંપની, સગાશેર હોલ્ડરો, મેનેજર જીવાત્મા." પણ એ શેર હોલ્ડરો બંધાય કંપની નફો કરી આપે ત્યાં સુધીના જ સગા છે, પછી અંતે ભોગવવાનું મેનેજર જીવાત્માને છે, આ પાંચ કકારની સાધનામાં તો જીવ અમૂલ્ય એવા નર દેહને હારી જાય છે.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શાંતિનાથ ભગવાન

—મનસુખલાલ તારાચંદ મહેતા

શ્રી શાંતિનાથ ભગવાનના મહત્ત્વના બાર ભવોનું વર્ણન આપવામાં આવ્યું છે, તેમાં મેઘરથ રાજાનો દશમો ભવ અહિંસા અને અનુકંપાની પ્રતીતિ કરાવતો એક અજોડ દાખલા રૂપ છે.

જંબૂદ્વિપના પૂર્વમહાવિદેહક્ષેત્રમાં પૃથ્વીના ભૂષણ સમાન પુંડરીકિણી નામે નગરી હતી, જ્યાં ધનરથ નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજાને બે રાણીઓ હતી. એકનું નામ પ્રિયમતિ અને બીજીનું નામ મનોરમા. રાણી પ્રિયમતિએ સગર્ભાવસ્થામાં મેઘનું સ્વપ્ન જોયેલું, તેથી તેના પુત્રનું નામ મેઘરથ રાખવામાં આવ્યું અને મનોરમાએ સગર્ભાવસ્થામાં રથનું સ્વપ્ન જોયેલું, તેથી તેના પુત્રનું નામ દૃઢરથ પાડવામાં આવ્યું. બંને પુત્રો સુંદર અને તેજસ્વી હતા. યુવાન અવસ્થા થતાં બંને કુમારોનાં લગ્ન કરવામાં આવ્યા.

એક દિવસ મેઘરથ રાજા પૌષધશાળામાં પૌષધ લઇ ભાવિક જનોને જૈનધર્મમાં અહિંસા અને અનુકંપાની મહત્ત્વતા વિષે સમજાવી રહ્યા હતા, ત્યારે એક કંપતું, દીનમુખવાળું ચપળ નેત્રયુક્ત અને અત્યંત ભયને પામેલું, કબુતર રાજાના ખોળામાં આવીને લપાઈ ગયું અને માનવ ભાષામાં અભયદાન માગવા લાગ્યું. રાજાએ રક્ષણની ખાતરી આપી તેને ભયમુક્ત થવા કહ્યું તેવામાં ત્યાં એક ક્રૂર બાજપક્ષી આવીને ઊભું રહ્યું અને માનવ ભાષામાં રાજાને વિનંતી કરતા કહેવા લાગ્યું: 'રાજન! આપ ધર્મના જાણકાર છો એટલે એ કબુતર કે જે મારૂં ભક્ષ્ય છે, તે મને સોંપી દ્યો.' મેઘરથે બાજને કહ્યું: 'આ કબુતર મારે શરણે આવેલું છે અને મેં તેને શરણ આપેલું છે, તેથી કોઈ દેવ આવી તેને સોંપવાની આજ્ઞા કરે તો પણ તેની આજ્ઞા હું માન્ય ન કરૂં. વળી કોઈ અન્ય જીવના ભોગે કોઇ જીવ પોષણ કરે તો તેમાં તત્ત્વથી પોષણ નથી પણ શોષણ જ છે; એક વખત ભોજન ન લેવાથી પ્રાણ કાંઈ જતો રહેવાનો નથી.'

બાજે વક્રદૃષ્ટિ કરી કહ્યું: 'આપ કેવી વાત કરો છો? આ રીતે તો આપ પોતે પણ કબુતરનું રક્ષણ કરી મારૂં શોષણ કરી રહ્યા છો. કબુતર જેમ ભયથી પીડા પામે છે તેમ ક્ષુધાને કારણે હું પણ પીડાઈ રહ્યો છું. શરણે આવેલાની પીડા દૂર કરી આપ તેને અભય આપો છો તો હું પણ આપને શરણે આવેલો છું. એમ માની મારો ભક્ષ્ય મને સોંપી દ્યો અને મારી ક્ષુધા પીડાને દૂર કરો.!'

મેઘરાજાએ શાંતિપૂર્વક કહ્યું: 'હે બાજ! તું આકુળવ્યાકુળ ન થા. આ કબુતરની ભારોભાર મારા શરીરના કોઇ પણ ભાગમાંથી, તું ઇચ્છે તેમ મારૂં માંસ આપું છું.'

રાજાની આજ્ઞા પ્રમાણે તરત જ ત્યાં ત્રાજવું મગાવવામાં આવ્યું અને એક છાબડામાં કબુતરને મુકી બીજા છાબડામાં રાજાએ પોતાનું માંસ કાપીને નાખવા માંડયું. લોકો અપલક દૃષ્ટિએ આ દૃશ્ય જોઇ રહ્યાં. જેમ જેમ પોતાનું માંસ કાપી કાપીને રાજા છાબડામાં નાખતા ગયા, તેમ તેમ કબુતર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાળો છાબડાનું વજન વધતું ચાલ્યું અને છેવટે દયાના સમુદ્ર રૂપ એ મેઘરથ રાજા પોતે જ છાબડામાં આખા ને આખા બેસી ગયા અને બોલ્યા:'મારો આત્મા અને દેહ આજે ધન્ય બની ગયા! કારણ કે આવું નાશવંત અને અનિત્ય શરીર પણ આજે પરની પીડા હરણ કરવામાં કારણરૂપ બની શક્યું.' આમ કહી પેલા બાજને હસતે મુખે રાજાએ કહ્યું: 'હે બાજ પક્ષી! મારા સમગ્ર દેહનું ભોજન કરી તારી ક્ષુધાને તૃપ્ત કરી લે!'

કરુણાના અવતારરૂપ મેઘરથ રાજા જ્યારે આમ બોલ્યા ત્યારે 'જય જય' એવા શબ્દોથી ઉંચે બોલતો એક દેવ તેની પાસે પ્રગટ થયો અને કહ્યું: 'રાજન! પુરુષોને વિષે તમે જ એક પુરુષ છો! તમારૂં જીવન ધન્ય છે કારણ કે તમે પુરુષાર્થથી ભ્રષ્ટ થયા નથી. ઈશાનેન્દ્ર નિરંતર તમારા સત્ત્વની પ્રશંસા કરે છે અને આવી પ્રશંસા યથાર્થ છે કે નહીં તે જાણવા મેં આ બધી તમારી પરીક્ષા કરી છે. આ માટે મારાથી થયેલ અપરાધની ક્ષમા માગું છું' દેવ આમ કહી ત્યાંથી અદશ્ય થઈ ગયો અને પેલા પક્ષીઓ પણ ઊડી ગયાં. રાજાના અંગ ઉપાંગો મૂળ હતાં તેવાં જ આપોઆપ થઈ ગયા.

હવે એકદા ધીરજવાન પૃથ્વીપતિ મેઘરથ રાજા અઠ્ઠમ તપ કરી વૈરાગ્યના સૌભાગ્યવાળા ધ્યાનને ધારણ કરી પ્રતિમાએ રહ્યા. તે વખતે પોતાના અંતઃપુરમાં રહેલા મોટી પ્રીતિવાળા ઈશાનેન્દ્રે' તમને નમસ્કાર છે, તમને નમસ્કાર છે' એમ બોલતાં નમસ્કાર કર્યા. ઈશાનેન્દ્રની આવી ક્રિયા જોઈ ત્યાં ઊભેલી તેમની બંને પટ્ટરાણીઓ આતરૂપા અને સુરૂપાએ સ્વાભાવિક રીતે પૂછ્યું: 'હે સ્વામી! આપે આ નમસ્કાર કોને કર્યા?' ઈન્દ્રે તેમને જવાબ આપતાં કહ્યું: 'પુંડરીકિણી નગરીમાં મેઘરથ નામે રાજા છે, જેના વિચાર-વાણી-વર્તન એક સરખા છે, તેમજ તેનું ચારિત્ર અત્યંત ભવ્ય અને ઉજ્જવળ છે, તેઓ અત્યારે અઠ્ઠમ તપ કરીને મહાપ્રતિમા વડે અનુપમ ધ્યાનમા છે તેથી મેં તેમને નમસ્કાર કર્યા.'

અતિરૂપા અને સુરૂપા બંને તે વખતે તો કશું ન બોલી પણ ઈન્દ્રની ગેરહાજરીમાં બંને રાણીઓએ આ વિષય પર ચર્ચા કરી. અતિરૂપા એમ માનતી હતી કે કોઈ માણસને નીચે પડવાના નિમિત્તો જ પ્રાપ્ત ન થયા હોય અને તેથી તેનું ચારિત્ર નિર્મળ અને ઉજ્જવળ રહ્યું હોય તો તેવો માણસ કાંઈ વંદના પાત્ર ન ગણાય. સુરૂપા કાંઈક કુતૂહલપ્રિય સ્વભાવ ધરાવતી એટલે બોલી: 'અરે! આપણે જાતે જઇને તેની પરીક્ષા કરીએ સોનાનો કસ જેમ કસોટી વડે થાય છે, તેમ માણસની ચકાસણી પણ સ્ત્રી વડે જ થઇ શકે છે.'

આવો નિર્ણય કરી અતિરૂપા અને સુરૂપા મેઘરથરાજાને ક્ષોભ પમાડી ચલાયમાન કરવા તેની પાસે જઈ પહોંચી, અને બંનેએ કમળ જેવા નેત્રવાળી ઘણી સ્ત્રીઓ વિકુર્વી અપ્સરા જેવી આ બધી સ્ત્રીઓએ મેઘરથ રાજામાં વાસના જાગ્રત કરી ભોગો માટે લલચાવવા આખી રાત નૃત્ય-સંગીત દ્વારા અનેક પ્રયત્નો કર્યા, પણ ધ્યાનસ્થ રાજા પહાડ જેવા અડગ અને અચળ રહ્યા. પ્રાતઃકાળનો સમય નજીક આવતાં બંને દેવીઓએ પોતાના વૈક્રિયરૂપને સંહરી લઇ રાજાની પાસે ક્ષમા માગી અને અપ્સરાઓ પણ તેને કેમ મોહિત ન કરી શકી તેનું રહસ્ય પૂછયું.

મેઘરથ રાજાએ સ્મિતપૂર્વક તેમને કહ્યું; હે દેવીઓ! નૈસર્ગિક સૌન્દર્યને જોઈ ચિત્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ પ્રસન્ન થાય છે, તેમ સુંદર સ્ત્રીને જોઇ પુરુષનાં મનમાં અગર સુંદર પુરુષને જોઇ સ્ત્રીના મનમાં વિકારી ભાવો ઉઠવાને બદલે પ્રસન્નતા ઉત્પન્ન થવી જોઇએ. સૌન્દર્યનો ઉપભોગ કરવા ઇચ્છા થવી એ એક પ્રકારની વિકૃતિ છે અને એવો માણસ પોતાના આત્માને પતનના માર્ગે દોરવી જાય છે ભોગની ઇચ્છા થવી એ રોગની ઇચ્છા કરવા બરાબર છે અને એવી ઇચ્છામાં પશુતત્ત્વ રહેલુ છે. પશુઓને એવી ઇચ્છા થવી એ ક્ષમ્ય છે. માનવ અને દેવયોનિ વચ્ચે એક મહત્ત્વનો ભેદ છે. મનુષ્યભવમાં માનવનો ધર્મ અને ફરજ તપ-ત્યાગ-સંયમ દ્વારા ભૂતકાલિન બંધાયેલા કર્મોની નિર્જરા કરવાનો હોય છે, ત્યારે દેવયોનિમાં દેવોએ ઉપાર્જન કરેલા પુણ્યોનો ભોગવટો કરી તેને ખપાવવાનો હોય છે. આ રીતે ભોગવિલાસો દેવોના માટે ક્ષમ્ય હોવા છતાં ઉચ્ચકક્ષાના દેવો વાસના વિમુખ જ હોય છે. માનવ જન્મ ભોગના ત્યાગ માટે જ પ્રાપ્ત થયો છે, કારણ કે માનવ જન્મ એ મોક્ષનું મુખ્ય દ્વાર છે. હવે માનવ દેહ જો ત્યાગ, તપ અને સંયમ માટે મળ્યો છે, તો તેમાં ભોગને સ્થાન કઇ રીતે હોઇ શકે? કોઇપણ સ્ત્રીના સૌન્દર્યને જોઇ ચિત્તમાં પ્રસન્નતા વ્યાપે, તો તે વખતે એવી સ્ત્રીની કૂખે પુત્ર રૂપે જન્મ લેવાની ઇચ્છા થાય; એવી સ્ત્રીને માતા બનાવવાનું મન થાય; પણ ત્યાં રોગ રૂપી ભોગની ઇચ્છા શા માટે થાય? અને આવી ઇચ્છા જો થાય તો માનવું રહ્યું કે માનવનો દેહ પ્રાપ્ત થયો હોવા છતાં તેની ભીતરમાં નર્યો પશુ જ બેઠેલો છે. આવી વૃત્તિ જો ઉત્પન્ન થતી હોય તો તેની સામે યુદ્ધ કરવું જોઇએ, તેને જીતી લેવી જોઇએ. દુર્વૃત્તિઓ સામે બળવો કરી તેને સદ્વૃત્તિમાં પલટી નાખવાનું માણસ માત્ર માટે શકય છે, અને જેના જીવનમાં એ શકય બને તેનો જ માનવ જન્મ સફળ છે, બાકી મિથ્યા છે. આવી સ્ત્રી પ્રત્યે મને ભોગનું આકર્ષણ ઉત્પન્ન જ થતું નથી અને તેથી તમારા પ્રયત્નો મિથ્યા થયા છે. મારા નિમિત્તે આપ બંનેને આખી રાત જે તકલીફ પડી છે, તેના માટે અલબત્ત હું દિલગીર છું.' મેઘરથ રાજાની વાત સાંભળી અતિરૂપા અને સુરૂપા મુક્ત મને હસી પડી અને રાજાને વંદના કરી પોતાના સ્થાને ચાલી ગઇ.

થોડાં વરસો બાદ મેઘરથ રાજાએ પોતાના રાજ્ય પર પુત્ર મેઘસેનને સ્થાપન કર્યો અને ચાર હજાર રાજાઓ, સાતસો પુત્રો તથા લઘુબંધુ દઢરથની સાથે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા લીધા બાદ મેઘરથ મુનીશ્વરે અખંડ વ્રતનું પાલન કર્યું અને અબંર તિલક નામના પર્વત પર ચડી અનશન ગ્રહણ કરી આયુષ્યને અંતે સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

દેવલોકમાં આયુષ્ય પૂર્ણ થયા બાદ મેઘરથ રાજાનો જીવ આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં કુરુદેશના અલંકારરૂપ દેવનગરના જેવા હસ્તિનાપુર નગરમાં, વિશ્વસેન રાજાની રાણી અચિરાની કુક્ષીમાં ઉપન્યો. લગભગ નવ માસ પછી માતા અચિરાદેવીએ ઇક્ષ્વાકુંવંશના તિલક સમાન, મૃગના લાંછનવાળા, સુવર્ણ જેવી કાંતિવાળા સોળમા તીર્થંકર અને પાંચમા ચક્રવર્તી રૂપ પુત્રને જન્મ આપ્યો. ભગવાન ગર્ભમાં હતા ત્યારે પ્રથમ ઉત્પન્ન થયેલા ઉપદ્રવો શાંત થઇ ગયા હોવાથી ભગવાનનું નામ શાંતિકુમાર રાખવામાં આવ્યું. વિશ્વસેન રાજાએ શાંતિકુમારના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લગ્ન અનેક રાજન્યાઓ સાથે કર્યાં અને યશોમતી તેની મુખ્ય પટરાણી હતી. રાણી યશોમતિને પુત્ર જન્મ્યો અને તેનું નામ ચક્રાયુદ્ધ રાખવામાં આવ્યું. શાંતિકુમારની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું અને એ ચક્રરત્ન વડે શાંતિકુમાર રાજાએ છ ખંડ સાધ્યા. હસ્તિનાપુરમાં શાંતિકુમારના ચક્રવર્તીપણાનો અભિષેક કરવામાં આવ્યો.

વરસો બાદ ચક્રાયુધને રાજ્યસત્તા સોંપી, સહસ્તામ્રવણ નામના ઉદ્યાનમાં જઈ છઠ્ઠના તપવાળા શાંતિકુમાર રાજાએ, એક હજાર રાજાઓની સાથે જયેષ્ઠ માસની કૃષ્ણ ચતુર્દશીએ આભૂષણોનો ત્યાગ કરી પંચમુષ્ટિ વડે લોચ કરી દીક્ષા લીધી, બીજે દિવસે પ્રભુએ મંદિર નામના નગરમાં સુમિત્ર રાજાને ત્યાં પારણું કર્યું. દીક્ષાના સમયે પ્રભુને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું હતું, અને બાર માસ પછી પોષ માસની શુકલ નવમીએ પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેટલાક વરસો પસાર થયા બાદ પ્રભુની દેશના વડે બોધ પામી ચક્રાયુધે પણ રાજ્ય પર તેના પુત્રને સ્થાપન કરી પાંત્રીશ હજાર રાજાઓ સહિત પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી.

જે દેશમાં શાંતિનાથ ભગવંત વિચરતા તે તે પ્રદેશના લોકોને સર્વ પ્રકારના ઉપદ્રવોની શાંતિ થતી હતી. પ્રભુના વિહારવાળી ભૂમિ તથા તેની આસપાસના પ્રદેશમાં કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ હોય તો તે શાંત થઇ જતો. અનેક લોકો ભગવંતની દેશનાથી સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિને પામ્યા. કુમારપણામાં, માંડલિક રાજાપણામાં, ચક્રવર્તીપણામાં અને ચારિત્રમાં એ દરેકમાં પચીશ પચીશ હજાર વર્ષ હોવાથી એક લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ભગવાન શાંતિનાથ નિર્વાણ પામ્યાં.

卐

# સાચી વિદ્યા

આજની કેળવણીમાં ધર્મને સ્થાન નથી એમ કહીએ તો ચાલે. માત્ર ભરણ-પોષણને ખાતર જ કેળવણી લેવી એ સામાન્ય વસ્તુ છે. માનવીના જીવનની કિંમત શું છે? દેહ અને આત્માને શું સંબંધ છે? તે બધી વસ્તુઓનું જ્ઞાન ન હોય તો ગ્રેજ્યુએટ થવા છતાં બધું નકામું છે. જ્ઞાન એ દીપક છે. એટલે જ્ઞાન તો મળવું જોઇએ. નહીં તો પેટ તો જાનવરો પણ ભરે છે. પરંતુ મનુષ્યમાં જે વિશેષતા છે એ મનુષ્ય ન ઓળખે તો એને મળેલું જ્ઞાન નકામું છે.

—સરદાર વલ્લભભાઇ પટેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતરની આરઝૂ

( સામાન્ય જિન સ્તવન )

—મુનિ પ્રદ્યુમ્નવિજય

( અપૂર્વ અવસર એવો કયારે આવશે-એ દેશી )

અંતરના આગળીયા પ્રભુ મુજ ખોલ જો
અંધારૂ અટવાયો છે આ પ્રાણ જો
શુદ્ધબુદ્ધ નિર્લેપદશાને વિસરી
પરભાવે તે રાચી રહ્યો ભૂલી ભાન જો ....(૧)

સઘળા દુઃખનું કારણ નિજ અજ્ઞાનતા
ટાળો તેને આપો જ્ઞાન પ્રકાશ જો
જ્ઞાન અનંતના ધામ! દયાળુ આપ જો
દીન હીન દુઃખીયાની પૂરો આશ જો ....(૨)

રાગદ્વેષ અજ્ઞાનને મમતા વશ પડયો
ખિણ ખિણ હર્ષને શોક અચરિજ થાય જો
હું મારું એ મંત્ર સદા જપતો રહું
સમય અનંતો એમજ એળે જાય જો ....(૩)

આતમ દરિસણ કાજે તલસુ સર્વદા
તે વણ મારો નથી હવે ઉદ્ધાર જો
ચિન્તામણિ મેળવવા મન જાગ્યા પછી
કાચના કટકા ત્યજવામાં શીવાર જો ....(૪)

સુરતરુથી પણ અધિક પ્રભુ મુજને મળ્યા
કેવળ આપની મહેર નજરની આશ જો
કરૂણા કરીને દાસને નજરે નિહાળ જો
શ્રવણ સુણો આ સેવકની અરદાસ જો ....(૫)

આપસુ નજરે ભેદાભેદને જાણશું
પ્રતીત પણ ધરીશું દર્શન વિશુદ્ધ જો
આગળ વધશું આત્મરમણતા કેવળી
પાવન પંથે પાંગરશું પ્રતિ બુદ્ધ જો ....(૬)

નાણ દરિસણ ચરણ રયણ મળશે મને
જીવન નૈયા જાશે પેલે પાર જો
એ સઘળું જો આપ કૃપા આવી મળે
મેળવતાં લાગે નહિં ક્ષણપણ વાર જો ....(૭)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપ પસાયે કેઇ ભવિભવ જળ તર્યાં
 હું પણ જેવો તેવો છું પ્રભુ ભક્ત જો
ટળવળતો તાર્યો નહા મુજને ભવથકી
 તે તુજ તારક બિરુદ તે કિણુવિધ યુક્ત જો ....(૮)

આ બળે આવ્યો હું માનવને ભવે
 અરધે આવ્યો અરધો બાકી રાહ જો
શિશુને રડતો રાખી વચ્ચે આપને
 ઉચિત નથી શિવપુરમાં સુખ અવગાહ જો ....(૯)

મન મેળો કરી મંગળમય ? શું દૂર રહો
 લલચાવો નહિ સેવકને તુમ રકત જો
આપો આપો ખોટ નથી તુમ ઘર કીસી
 દાનધર્મને પ્રથમ પ્રકાશ્યો વ્યક્ત જો ....(૧૦)

તેથી જ ઉરમાં આશા એક કરૂણા નિધિ
 જગમાં તુમ રામ દુજો નહિં કો નાથ જો
આપજ દાતા આત્મિક ઋદ્ધિ સર્વના
 એક દિન દેશો છોડીશ નહિ હું સાથ જો ...(૧૧)

સર્વ વિશેષણથી છે પર પરમાતમા
 ઉપમાઓ સઘળી થાથે ઉપમેય જો
અભેદ પણે જો ઓળખ થાયે આપની
 ભેદ ટળે ઝટ ધ્યાયક ધ્યાનને ધ્યેય જો ...(૧૨)

એકજ ગુણજો આપો મુજને હે પ્રભો
 તો ન વિચારું તારો એ ઉપકાર જો
દુઃષમ કાળે થોડું પણ જે દાન છે
 તે તો મરુમાં છે મોટો સહકાર જો ...(૧૩)

બાળપણે મેં વિનવ્યું નાથ યથાતથા
 બોલ ન જોજો હૃદયના ભાવ જો
તુમવિણ બીજે જઇને હું કોને કહું
 જગજીવન મુજદૂર કરો દુર્ભાવ જો ...(૧૪)

અંતરની આ આરજૂ આપ કને કહી
 ઘણું ભમ્યો ને ખૂબ રમ્યો સંસાર જો
પરઘરની પરવશતા હવે ગમતી નથી
 હેમશિશુને દાસ બનાવ તુજ દ્વાર જો ...(૧૫)

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકપ્રિય થવાની કળા

વિઠ્ઠલદાસ મૂ. શાહ. બી. એ.

"The Power to Please is a great success asset It will do for you what money will not do. It will often give you capital which your financial assets would not warrant. People are governed by their likes and dislikes. We are powerfully influenced by a pleasing, charming, personality A persuasive manner is often irresistible. Even Judges on the bench feel its fascination."

"અન્યને પ્રસન્ન કરવાની શકિત એ લોકપ્રિય થવાની અથવા વિજય પ્રાપ્ત કરવાની એક મહાન બક્ષિસ છે. જે પૈસાથી સાધ્ય થઇ શકતું ન હોય તે તેનાથી તમે સાધ્ય કરી શકશો. તેનાથી તમે આર્થિક સંપત્તિ કરતાં વધારે વૈભવ પ્રાપ્ત કરી શકશો. રુચિકર અને અરુચિકર વસ્તુઓ લોકો પર સામ્રાજ્ય ભોગવે છે. રમ્ય અને આનંદપ્રદ વ્યકિતત્વને આપણે સંપૂર્ણપણે આધીન થઇએ છીએ. આકર્ષકાઇ પ્રોત્સાહક રીતભાત ઘણી વખત દુર્ઘર્ષ થઇ પડે છે. ન્યાયાસન પર બેઠેલા ન્યાયાધીશો પણ તેની મોહિનીને વશ થાય છે."

લોર્ડ ચેસ્ટરફિલ્ડે બીજાને પ્રસન્ન કરવાની કળાને એક મહાન બક્ષિસ ગણી છે. તે એક મહાન શકિત છે એ નિર્વિવાદ વાત છે. જો તમને લોકપ્રિય થવાની ઇચ્છા હોય તો તમારે લોકોને રુચિકર અને અનુકૂળ થાય તેવી વૃત્તિ ધારણ કરવી જોઇએ. તેમજ વિનોદી ચિત્તરંજક સ્વભાવના થવુ જોઇએ. તમારા સહવાસથી લોકોને આનંદ નહિ થાય તો તેઓ તમારથી દુર રહેવા યત્ન કરશે, પરંતુ જો તમારો સ્વભાવ માયાળુ અને આનંદી હશે, જો તમે દરેક દિશામાં પ્રકાશ પ્રસરાવી શકતા હશો કે જેથી કરીને લોકો તમારાથી દુર નાસી જવાને બદલે તમારા મેળાપ માટે અવિચ્છિન્ન યત્ન કરશે, તો લોકપ્રિય થવાનું કાર્ય તમને લેશ પણ મુશ્કેલી ભર્યું જણાશે નહિ. લોકોને તમારા તરફ આકર્ષવાનો સૌથી સરલ અને ઉત્તમ માર્ગ એ છે કે તમે તેઓમાં તેમજ તેઓનાં કાર્યોમાં ઉલ્લાસ-પૂર્વક રસ લ્યો છો એવી તેઓને ખાતરી કરાવવી જોઇએ. આ કામ તમારે ખરા અંતઃકરણ પૂર્વક કરવું જોઇએ, નહિ તો તેઓ તમારા દંભ અને છલકપટને સત્વર શોધી શકશે. એક યુવક જે કાંઇ કરે છે અને ભવિષ્યમાં કરવા ધારે છે તેમાં તમને ખરેખરો રસ પડે છે એમ તેને ખાતરી કરાવવાથી તેનું હૃદય તમે જેવું જીતી શકો છો તેવું બીજા કશાથી થવું અશકય છે. તમે લોકોથી દુર રહેશો એમાં લેશ પણ સંદેહ નથી. તેમજ જો તમે હંમેશા તમારા પોતાની વિષે અને તમારા કાર્યો વિષે વાતો કર્યા કરશો તો તમે જોશો કે લોકો તમારાથી દુર રહેવા યત્ન કરશે. આનું કારણ એ છે કે તેમ કરવાથી તમે તેઓને ખુશી કરતા નથી. તમે તેઓના કાર્યોમાં રસ લેવાનું અને તેઓની વિષે વાતો કરવાનું શરૂ કરો તેવી તેઓની આશા અને ઇચ્છા હોય છે.

જો તમે હંમેશા શોગીયો ચહેરો ધારણ કરશો, જો તમારો સ્વભાવ ચીડીયો હશે તો તમે તમારા સેવક વર્ગમાં તેમજ અન્ય જનોમાં પ્રિય નથી થઇ પડવાના તેથી તમારે આશ્ચર્ય પામવા જેવું નથી. પ્રત્યેક માણસને આનંદી ચહેરો પસંદ છે. આપણને હંમેશા પ્રકાશમાં રહેવુંજ ગમે છે અને આપણે અંધકારમાંથી નાસી જવા ઇચ્છીએ છીએ.

ઘણા માણસો એમ ધારે છે કે ખરેખરી કેળવણી અને સંસ્કૃતિનો મોટો ભાગ કેવળ દંભ અને ઢોંગજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય છે; તેઓ એવી દલીલ કરે છે કે જો કોઇ માણસ પ્રમાણિક હોય, શ્રેષ્ઠ ગુણોથી અલંકૃત હોય, સત્યનિષ્ઠ હોય તો તેના બાહ્ય દેખાવની ગણના કર્યા વગર લોકો તેને માન આપશે અને તે લોકપ્રિય થઇ પડશે. આ દલીલ અમુક અંશે જ સાચી છે. અનાવિદ્ધ અને અસંસ્કૃત રત્નની બાબતમાં જે સત્ય લાગુ પડે છે તે અસંસ્કૃત મનુષ્યની બાબતમાં પણ લાગુ પડે છે. રત્નનું મુલ્ય ગમે તેટલું હોય તો પણ કોઇ પણ માણસને અસંસ્કૃત રત્નો ધારણ કરવા ગમશે જ નહિ. કોઇ માણસ પાસે એવા રત્નો લાખ રૂપિયાની કીંમતના હોય તો પણ જ્યાં સુધી તે સંસ્કૃત અને સ્વચ્છ થયેલા નહિ હોય ત્યાં સુધી કોઇ તેની કીંમત કરશે નહિ. બિનઅનુભવી દષ્ટિ આવા રત્નો અને પથ્થરનાં કટકાનો ભેદ જોઇ શકશે નહિ, પરંતુ યોગ્ય સંસ્કાર થયા પછી તેમાંથી જે સૌંદર્ય અને ચળકાટ નીકળે છે તેના પ્રમાણે જ તેની કીંમત અંકાય છે. તેવી જ રીતે કોઇ માણસ અનેક પ્રશસ્ય ગુણોથી વિભુષિત હોય, પરંતુ જો તેના બાહ્ય દેખાવ વિરૂપ હશે તો તે ગુણ તેની અંતર્ગત કીંમતથી રહિત થઇ જશે. માત્ર તીક્ષ્ણ અવલોકન શકિતવાળા માણસો અને ચારિત્ર્યના પ્રવીણ પરીક્ષકોનાજ જોવામાં તે ગુણો આવશે જેમ અનાવિદ્ધ અને અસંસ્કૃત રત્નની કીંમત યોગ્ય સંસ્કાર પછીજ થાય છે તેમ અસંસ્કૃત મનુષ્ય રૂપી રત્નની કીમત કેળવણીરૂપી સંસ્કારથીજ થાય છે.

કોઇ પણ મનુષ્ય વિષે જે સારા અથવા ખરાબ વિચારો પ્રથમથી બંધાઇ ગયા હોય છે તે બદલવાનું કાર્ય અત્યંત કઠિન છે. આપણે કોઇને પ્રથમ વખત મળીએ છીએ ત્યારે કેટલી ત્વરાથી મન પોતાનું કાર્ય કરે છે તે આપણે સમજી શકતા નથી. આપણા નેત્રો અને કર્ણ આસપાસનું બધું જોવામાં અને સાંભળવામાં ગુંથાય છે; ત્યારે આપણું મન વિચારનાં ત્રાજવા ઉપર તે માણસની તુલના કરવામાં પ્રવૃત્ત બને છે. મન ઘણીજ ત્વરાથી પ્રત્યેક શબ્દ, પ્રત્યેક ક્રિયા અને પ્રત્યેક રીતભાતને ગ્રહણ કરી લે છે અને આપણો અંતિમ વિચાર ત્વરાથી બંધાય છે એટલુંજ નહિ પણ એવો મજબુત બંધાય છે કે તે પુરૂષના પ્રથમ ચિત્રને સર્વથા વિસરી જવાનું ઘણુંજ મુશ્કેલ અને લગભગ અસંભવિત થઇ પડે છે, બેદરકાર અને ચાતુર્ય રહિત લોકો પોતે જે છાપ પહેલી બેસાડે છે તે લુપ્ત કરવા માટે યત્ન કરવામાં પોતાના સમયનો મોટો ભાગ ગાળે છે તેઓ નમ્રતાપૂર્વક ક્ષમા યાચે છે અને દરેક બાબતનું સ્પષ્ટીકરણ કરે છે, પરંતુ તે ક્ષમા અને સ્પષ્ટીકરણથી જોઇએ તેવી મહાન થતી નથી; કેમકે તે અસર પ્રથમ બેસાડેલી છાપના સખત અને સચોટ ચિત્ર કરતાં એટલે બધે અંશે નબળી હોય છે. કેટલાક યત્નો કરવા છતાં તે છાપ ભૂંસાતી નથી, તેથી અભ્યુદયની ઇચ્છા રાખવા દરેકર યુવકે બીજાના મન ઉપર પોતે જે છાપ પાડે છે તેની અત્યંત સંભાળ રાખવાની ખાસ આવશ્યકતા છે; કારણ કે પ્રથમ પાડેલી ખરાબ છાપથી જીવનના આરંભકાળમાં જ અપયશ અને નિંદાને પાત્ર થવાનો સપૂર્ણ સંભવ છે. જો તમે એક મનુષ્ય છો, તમારું મનુષ્યત્વ અન્ય સર્વ વસ્તુઓથી ઉત્કૃષ્ટ છે, તમારી પ્રમાણિકતા, સત્યનિષ્ઠા અને ઉદારતા તમારા બીજા સઘળા ગુણો કરતાં અધિક પ્રાધાન્ય અને ઉચ્ચાવદ પદ ભોગવે છે અને તમે જે કોઇ બહાર દર્શાવો છો તેની પાછળ જો લોકો ખરેખરો મનુષ્ય જોઈ શકે છે તો તમે જગતના વિશ્વાસપાત્ર અને પ્રેમપાત્ર બનશો જ એ વાત નિર્વિવાદ છે.

હું એક વ્યકિત જાણું છું,—એ પ્રકારના બીજા હજારો હશે. તે શા કારણથી લોકો તેનાથી દૂર રહે છે તે સમજી શકતો નથી. તે કોઈ સામાજિક સંમેલન અથવા મેળાવડામાં જાય છે તો તે બેઠો હોય છે તે સ્થળેથી દરેક માણસ દુર ચાલ્યો જાય છે. જ્યારે બીજા લોકો પ્રકીર્ણ વાર્તાવિનોદથી અથવા હસાહસથી આનંદ કરતા હોય છે ત્યારે તે પોતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ખુણામાં મૌનભાવ ધારણ કરી એકલો બેસી રહે છે. જો દૈવયોગે કોઇ અકસ્માતથી તે આકર્ષણના મધ્ય કેન્દ્રમાં પહોંચે છે તો એક પ્રકારનું મધ્ય કેન્દ્ર ત્યાગી બળ તેના પર સત્તા ચલાવે છે, અને તેને તેના એકાંત ખૂણામાં પુનઃ ઘસડી જાય છે. તેને કદાચિત્ કોઇ સ્થળે આમંત્રણ કરવામાં આવે છે. તે સમાજમાં કે મેળાવડામાં ઠંડા બરફના કટકા જેવોજ લાગે છે. તેનાથી કશી ઉષ્ણતા હોતી નથી. તેમજ તે લેશમાત્ર આકર્ષણ શકિત ધરાવતો નથી. આ માણસની અપ્રિયતાનું કારણ તેને પોતાને અગમ્ય–અગોચર છે. તે એક મહાન શકિત ધરાવનાર પુરૂષ છે, જબરો કાર્ય કરનાર છે અને જ્યારે તેનું દૈનિક કાર્ય પૂર્ણ થાય છે ત્યારે આરામ લેવાની અને અન્ય માણસોની સાથે સંમિલિત થઇ તેઓના સમાગમનો લાભ લેવાની ઇચ્છા રાખે છે; પરંતુ જે આનંદ અને આરામની તેને ઉત્કંઠા છે તે પ્રાપ્ત કરવા તે અસમર્થ બને છે. બીજા લોકો પોતાને તજી દે છે, પોતાથી અલગ રહે છે તે જોઇને તેને અતિશય દુઃખ થાય છે. પોતાની શકિતનો દશાંશ પણ નહિ ધરાવનારા લોકો જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે તે તેને ખેદનો વિષય થઇ પડે છે. તેને વિચાર પણ આવતો નથી કે કેવળ સ્વાર્થપરાયણતા જ લોકપ્રિય થવામાં મુખ્યત્વે કરીને આડે આવે છે– તે નિરંતર પોતાની જાતનોજ વિચાર કરે છે. બીજાને સહાયભૂત થવા ખાતર અને તેઓના કાર્યમાં રસ લેવા ખાતર પોતાની જાતને અને પોતાના ધંધાને એક ક્ષણ પણ વિસારી શકતો નથી; જ્યારે જ્યારે તમે તેની સાથે વાતમાં જોડાશો ત્યારે ત્યારે હરવખત તે પોતાના વેપારની વાત તરફ તેમને ખેંચી જવાને યત્ન કરતો માલૂમ પડશે. લોકપ્રિય થવામાં તેને અંતરાયરૂપ થનાર બીજી બાબત એ છે કે તે આકર્ષણનું રહસ્ય જાણતો નથી. પ્રત્યેક વ્યકિત એક લોહચુંબક છે તે વાત તેના જાણવામાં નથી. જે માણસ અહોનિશ પોતાની જાતનોજ વિચાર કરે છે તે એક પ્રકારનું આત્મ–લોહચુંબક બને છે. જેથી તે પોતાના સિવાય બીજા કોઇને પોતાની તરફ આકર્ષી શકતો નથી. ઘણા મનુષ્યો દ્રવ્ય-લોહચુંબક બને છે, તેઓ દ્રવ્ય સંબંધી વિચારો એટલા બધા લાંબા સમય સુધી કરે છે કે તેઓ દ્રવ્ય સિવાય બીજી કોઇ પણ વસ્તુને પોતાની તરફ આકર્ષી શકતા નથી. કેટલાક મનુષ્યો અનીતિવાન, અધર્મી અથવા વિષયી હોય છે તેનું કારણ એ છે કે તેઓએ પોતાની જાતને અનીતિ, અધર્મ અથવા વિષયવાસનાના લોહચુંબક બનાવ્યા હોય છે.

બીજી બાજુએ જોઇએ તો ચિત્તની અને ચારિત્ર્યની એટલી બધી ચારૂતા ધરાવનાર પુરૂષો અને સ્ત્રીઓ હોય છે કે જે કોઇ તેમના સમાવેગામમાં છે તેઓનાં હૃદયમાં તે સહુની સાથે નિકટ સંબંધ હોય એવી લાગણી અને ઉર્મીઓ ઉદ્ભવે છે. આસપાસના સર્વ લોકો તેમને અંતઃકરણપૂર્વક ચાહે છે અને એક અવાજે તેઓની પ્રશંસા કરે છે. આવા ઉદાત્ત અને વિશાળ હૃદયવાળા સ્ત્રી પુરૂષોને માટે સૌ કોઇના હૃદયમાં પ્રેમ અને માનની લાગણી ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. તેઓ સૌના ઉપર સમાન પ્રેમપુર્ણ દૃષ્ટિ રાખે છે. તેમાં એક પ્રકારનો લોહચુંબક છે કે જે સર્વ કોટિના લોકોને આકર્ષી શકે છે. તેઓ સૌને પોતાના જાણી આકર્ષવાને પૂરતા વિશાળ અને વિસ્તૃત છે. તેઓ તે સર્વમાં રસ લે છે, સર્વ પ્રકારનાં કાર્યોમાં આનંદથી ભાગ લે છે; ટુંકામાં તેઓ પ્રત્યેક માટે લાગણીવાળા હોય છે.

અનુકુળ પરિરિથિમાં સ્વભાવતઃ આપણે કોઇ મનુષ્યના પ્રધાન ગુણોની અને તેની આસપાસની સર્વ હકીકતની તુલના કરીએ છીએ. આપણે તેના મુખ્ય ગુણો જોઇ શકીએ છીએ, તેમજ તે ઉચ્ચ યા નીચ કોટિનો છે તે તરત જ જાણી શકીએ છીએ. વળી તેના ઉપર અન્ય માણસો પ્રેમ રાખે છે અને તેના તરફ આકર્ષાય છે કે તેનાથી દૂર જાય છે તે પણ આપણા જાણવામાં તરત જ આવે છે.

જ્યાં સુધી માણસ કેવળ સ્વાર્થપરાયણ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની જાતના વિચારો કર્યા કરે છે ત્યાં સુધી તે બીજાઓ માટે આકર્ષણ બળ ધરાવે તે અસંભવિત છે. સૌ કોઇ તેને તજી દેશે અને કોઇ તેના તરફ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી જોશે નહિ, કોઇ તેને સ્વેચ્છાથી શોધશે નહિ અને તે પોતાને જે પ્રકારનું લોહચુંબક બનાવે તેના પર સર્વ વાતનો આધાર રહે છે. જે ક્ષણે તે બીજાને માટે માન અને પ્રેમની લાગણી અને બીજાના કાર્યમાં રસ બતાવવાનો આરંભ કરશે કરશે કે તેજ ક્ષણે તે આકર્ષણ બળના ગુણોથી સંપન્ન થશે અને સૌને પોતાના તરફ આકર્ષવા સમર્થ બનશે. જેટલા પ્રમાણમાં તે બીજાના કાર્યોમાં રસ લેશે તેટલાજ પ્રમાણમાં તે તેઓને પોતાના તરફ આકર્ષી શકશે.

તે બીજાના હિતમાં ખરેખરા અંતઃકરણપૂર્વક રસ લેશે અને પોતાને પોતાનાં કાર્યો સંબંધી વાતચીતનું મધ્યબિંદુ બનાવવાનો યત્ન તજી દેશે કે તે જ વેળાએ બીજા લોકો પણ તેનામાં રસ લેવા લાગશે. **સર્વ મનુષ્યો પર સમાન દૃષ્ટિ અને પ્રેમ ભાવ રાખવા તે જ લોકપ્રીત સંપાદન કરવાનો અમોઘ માર્ગ છે.** કેવળ આત્મભાન અને સ્વાર્થ પરાયણતાના બંધનને પ્રેમભાવ તોડી નાખશે. **પોતાની** જાતના વિચાર કરવાનું ભૂલી જાઓ **અને બીજામાં રસ લેવાનું શરૂ કરો; બીજાને માટે પ્રેમભાવ, માનની લાગણી, તેમને સહાય કરવાની ખરેખરી ઇચ્છા કેળવો એને પરિણામે લોકપ્રિય થવાના તમારા પ્રયત્નો ફળીભુત થશે એમાં લેશ પણ સંદેહ નથી**

ઘણા લોકોથી માણસો અલગ રહેવા મથે છે તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ પોતાને જ સર્વસ્વ માને છે અને અહોનિશ પોતાના કાર્યમાં જ મગ્ન રહે છે. આ પ્રમાણે તેઓએ ઘણા લાંબા સમય સુધી જીવન વ્યતીય કર્યું હોય છે. જેથી તેઓએ બાહ્ય જગતની સાથેનો સર્વ સંબંધ અને સહાનુભુતિ ગુમાવી દીધા હોય છે. ઘણા વખત સુધી આંતરિક એકાંત જીવન ગાળ્યું હોવથી તેઓને બાહ્યજીવન અશક્ય લાગે છે. તેઓના સમજવામાં આવ્યુ હોતું નથી કે સ્વાર્થપરાયણ એકાંત જીવનથી અને વર્ષો સુધી બીજામાં રસ નહિ હોવાથી તેઓની આકર્ષણ શક્તિનો સદંતર નાશ થઈ ગયો છે. અને તેઓની લાગણીઓ એટલી બધી હદે સુકાઈ ગઇ હોય છે કે તેઓ કોઇ પણ પ્રકારની શકિત અથવા ઉષ્ણતા ઉત્પન્ન કરવાને તદ્દન શક્તિહીન બની ગયા છે. આવા માણસોની હાજરી માત્રથી આસપાસના વાતાવરણમાં સર્વત્ર શુન્યતા-શુષ્કતા પ્રસરી રહે છે.

---

## સામ્રાજ્ય સાધુતાનું

જગતમાં સર્વાંશે જોઇશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે. પણ સાધુતા ફકત એકમાંજ મૂર્તિમંત હોય ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે, અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમીજ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એકજ સાધુ-પુરુષ જગતને સારૂ બસ થઇ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમ તેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુપુરુષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઇ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જ્યાં દુષ્ટતા છે ત્યાં બધું અસ્તવ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવાપીવાનું સુખ નહિ પણ માણસો સદાચારી અને સંતોષી થાય એવું સુખ છે. નહિ તો માણસો કરોડો હોવા છતાં બેબાકળા ફરે છે. એ સુખની નિશાની નથી.

ગાંધીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાણકપુર તીર્થનો સંક્ષિપ્ત ઇતિહાસ

—મુનિ ન્યાયવિજયજી

મારવાડની યાત્રામાં નાની પંચતીર્થી અને મોટી પંચતીર્થી એમ બે પંચતીર્થીઓની યાત્રા મુખ્ય છે. મોટી પંચતીર્થીમાં સૌથી મહત્ત્વનું સ્થાન છે રાણકપુરજીનું, એ વિશાલ ગગનચુંબી ભવ્ય મંદિર અનુપમ અને અદ્ભુત છે. એની અનુપમ બાંધણી, રચનાકૌશલ્ય અને ઊંચાઈ સૌકોઇને મુગ્ધ કરી દે છે. હું ન ભૂલતો હોઉં તો રાણકપુરજીની બાંધણીનો બીજો નમૂનો સારા હિંદુસ્તાનમાં મળવો મુશ્કેલ છે.

રાણકપુરનો પૂર્વ ઇતિહાસ અને વર્તમાન પરિસ્થિતિ જોતાં આપણી આંખોમાં આંસુ આવે તેમ છે. કયાં એ ધનધાન્યથી ભરેલું રાણકપુર અને કયાં આજનું વેરાન બિહામણા જંગલરૂપ દેખાતું રાણકપુર? જે નગરમાં હજારો લાખો આદમીઓ વસતાં ત્યાં આજે શૂન્ય જંગલ પડયું છે. કાળચક્રના પરિવર્તનો જોવા છતાં યે માનવીને શાન નથી આવતી એથી બીજી કઈ તાજુબી હોઇ શકે?

રાણકપુરજીનું વર્ણન એક પ્રાચીન ગુજરાતી કવિ આ પ્રમાણે આપે છે:—

"હીયડઉ હરષ ઈમઝ ઉલ્લસીઉં,  
રાણિગપુર દીઠં મન વસીઉં  
અ ણુ હ લ પુ ર અ હિ ના ણી,  
મઠ ગઢ મંદિર પોળ સુચંગે  
નિરમલ નીર વહઈ વચિગંગે,  
પા પ પ ખા લ સુ અં ગે  
કુંવા વાવિ વાડિ હટ્ટસાલા,  
જી ણુ હ ભ વ ણુ દી સ ઈ દેવાલા  
પૂ જ ર ચ ઇ તિ હાં બા લા,  
વરણુ અઢાર ઇલોક સવિચારી  
કોટીધજ વસઇ વિવહારી પુન્યવંત સુવિચારી  
તિહાં મુખિ સંઘવી ધરણુઉ, દાનિ પુણ્યજ  
ગિજસવસીરણું જીણુહભવણુ ઉધરણુઉં.

આજે આ સમૃદ્ધિવાન નગરમાં એક જ વસ્તુ અમર રહી છે, અને એ છે ત્રૈલોકયદીપક મંદિર. આ ગગનચુંબી વિશાલ ભવ્ય મંદિર માનવ જાતને ઉપદેશ આપતું ઊભું છે. એ કહે છે કે–સત્પાત્રમાં વાપરેલું ધન તમારૂં જ છે, ખાવા–પીવા એશઆરામ કરવા અને કીર્તિ કે યશ કમાવા વાપરેલું ધન તમારી સાથે નથી આવવાનું. સત્પાત્રમાં વાપરેલું ધન તમને ઇહલોક અને પરલોકમાં અનંતગણું ફળપ્રદ નીવડશે. આજે આ ત્રૈલોકયદીપક મંદિર બનાવનાર દાનવીર ધરણાશાહ–ધન્નાશાહ મોજુર નથી પણ તેની ધવલયશોપતાકા ફરકાવતું આ ગગનચુંબી મંદિર આજે ય આકાશ સાથે વાતો કરતું ઊભું છે.

આ મંદિર બંધાવનાર દાનવીર ધન્નાશાહ જ્ઞાતે પોરવાડ હતા. તેમનું જન્મસ્થાન સિરોહી સ્ટેટનું નાંદિયા ગામ હતું. તેમના એક બીજા નાના બંધુ હતા જેમનું નામ રત્નાશાહ હતું. બંને ભાઈઓ ધીર, વીર અને ધર્મના પરમ ઉપાસક હતા. ન્યાય અને નીતિથી વ્યાપાર કરી ધન પ્રાપ્ત કરતા હતા. એવામાં એક વાર એક મુસલમાન બાદશાહનો પુત્ર પિતાથી લઢી અન્ય સ્થાને જતો હતો. વચમાં નાંદિયામાં મુકામ કર્યું અને ત્યાં આ બન્ને ભાઈઓનો રાજકુમારને પરિચય થયો. બંને ભાઇઓએ રાજપુત્ર પાસેથી એકલા નીકળવાનું કારણ જાણી મીઠી વાણીથી રાજકુમારને સમજાવ્યો, તેનો ગુસ્સો અને રોષ શાંત પાડી પિતાની ભક્તિ, વિનય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાનું, તેમનો પ્રેમ અને આશીર્વાદ મેળવવાનું સમજાવી ત્યાંથી જ પાછો વાળી બાદશાહ પાસે મોકલી આપ્યો. બાદશાહને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે ઘણો જ ખુશી થયો અને નાંદિયાના આ બન્ને ગૃહસ્થોને પોતાની પાસે બોલાવી, તેમનો આભાર માની પોતની પાસે રાખ્યા; પરન્તુ રાજા સદાયે કાનના કાચા હોય છે. એક વાર કોઈ હિતશત્રુએ બાદશાહને ધન્નાશાહ અને રત્નાશાહની વિરૂદ્ધ ભંભેર્યા અને બાદશાહે આવેશમાં આવી જઈ બન્ને બંધુઓને ગીરફતાર કરી જેલમાં બેસાડયા. અંતે મોટો દંડ કરી ઘર, માલ-મીલકત લુંટી લઈ કાઢી મુકયા. ત્યાંથી નીકળી બન્ને ભાઈઓ મેવાડમાં આવ્યા અને રાણકપુર નજીકના પાલડી ગામમાં વ્યાપાર-ધંધો શરૂ કર્યો. ન્યાય અને નીતિના પરમ પુજારી આ વીરપુત્રો ઉપર ટૂંક સમયમાં લક્ષ્મી દેવીએ કૃપા કરી भाग्यं फलति सर्वत्र । આ ન્યાયે બન્ને ભાઈઓએ લક્ષ્મી પ્રાપ્ત કરી પણ તેઓ લક્ષ્મી દેવીની ચપલતા, અસ્થિરતા પણ બરાબર સમજી ગયા હતા. ત્યાં એક વાર એક વિદ્વાન સાધુ મહાત્મા પાસે ધન્નાશાહે નલિનીગુલ્મ વિમાનનું સ્વરૂપ સાંભળ્યું. રાત્રે પણ નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્ન આવ્યું. આ જોઇ ધન્નાશાહને થયું કે આવું સુંદર જિનાલય બનાવ્યું હોય તો કેવું સારૂં ? ધન એટલું ન હતું કે એવું ભવ્ય મંદિર બનાવી શકાય, પરંતુ ધર્મભાવના જબરી હતી. ધન્નાશાહે કુળદેવીની આરાધના કરી અને મંદિર બંધાવવામાં સહાયતા માગી. દેવીએ તેની મનોકામના પૂર્ણ કરવાનું વચન આપ્યું. ધન્નાશાહે મોટા મોટા કુશળ શિલ્પીઓને નિમંત્રણ કરી મંદિરનો નકશો બનાવવા કહ્યું પણ કોઈ કુશળ શિલ્પી ધન્નાશાહના ભાવને ન આલેખી શકયો. ધન્નાશાહ મુક વાણીથી બધાને કહેતો કે મંદિર આવું બનાવવું છે. અંતે બધા શિલ્પીઓ થાકયા. બધા સમજ્યા શેઠ પાસે ધન તો છે નહિં અને મંદિર દેવલોક જેવું બનાવવું છે. અંતે બધાએ શેઠની મશ્કરી કરતાં કહ્યું-આપની ભાવના મુજબ મુંડારાનો સોમપુરા દેપો (દેપાક, દીપા) કરી આપશે. દેપો તદ્દન દરિદ્રનારાયણ અને અજ્ઞાન હતો. અવસ્થાએ પણ વૃદ્ધ હતો, છતાં યે શેઠજી ત્યાં ગયા. પોતાનો ભાવ કહી બતાવ્યો. દીપાએ એક કાગળ ઉપર જેમ મનમાં આવે તેમ લીટા માર્યા. કહે છે કે કુળદેવીની સહાયતાથી એ લીંટીઓ એક સુંદર જિનમંદિરના નકશારૂપ બની ગઇ. ધન્નાશાહ શેઠની જીવંત ભાવનાના પ્રતિબિંબ સમું એ મંદિર નકશામાં આવી ગયું. ત્યારપછી ધન્નાશાહ શેઠે મેવાડાધિપતિ મહારાણા કુંભાજી[1] પાસેથી મંદિરને યોગ્ય સુંદર જમીન લીધી અને ૧૪૩૪માં મંદિરનું ખાતમુહૂર્ત થયું. મીસ્ત્રીએ શેઠની ઉદારતાની પરીક્ષા માટે પાયામાં જ અમુક મણ કસ્તૂરી, કેસર તથા ઉંચી અને બહુમૂલ્ય ધાતુઓથી ચણતર કરવા માટે શેઠ પાસે ઉપર્યુક્ત વસ્તુઓ માંગી. શેઠે વિનાસંકોચે તે બધી વસ્તુઓ પૂરી પાડી. મીસ્ત્રીઓએ ઉત્સાહમાં આવી ધમધોકાર કામ શરૂ કર્યું. શેઠની ઈચ્છા હતી કે સાત માળનું ગગનચુમ્બી મંદિર બનાવવું. પણ સમય ઘણો થઈ ગયો. ચાર માળ બન્યા અને બાસઠ વર્ષના ગાળા પછી ૧૪૯૬ તપગચ્છાધિપતિ સોમપ્રભસૂરિજીના શુભ હસ્તે ધામધૂમ, પરમ ઉત્સાહ-

૧. પ્રસિદ્ધ કુંભો રાણો મીરાંબાઇનો પતિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વક પ્રતિષ્ઠા કરાવી, ચોમુખ ઋષભદેવજી પ્રભુ બિરાજમાન કર્યા તેનો શિલાલેખ મૂલ ગભારા પાસે જ છે, જેમાં ૪૬-૪૭ પંક્તિમાં આલેખાયો છે. શરૂઆતમાં

श्रीचतुर्मुखजिनयुगादीश्वराय नमः ।

२ विक्रमतः १४९६ संख्य वर्षे પછી મેવાડના મહારાણાઓની વંશાવલી શરૂ થાય છે. પછી તેમાં ધન્નાશાહનો પરિચય આ પ્રમાણે છે.

"પ્રાગ્વટ જ્ઞાતિના મુકટમણી સંઘપતિ માડણની સ્રી કમલાદેનો પુત્ર સંઘપતિ ધરણાક જેણે શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરી હતી, અજારી, પિંડવાડા, સાલેર (સારંગપુર) આદિ સ્થાનોએ જિનમંદિર બંધાવ્યાં, જીર્ણોદ્ધાર કરાવ્યા, તેમજ દુષ્કાળના સમયમાં અન્નક્ષેત્રો મંડાવી ઘણા પરોપકાર કર્યા, જૈન સંઘની ઘણી સેવાભક્તિ કરી. ધરણાકને બે પુત્રો, સં. જાજ્ઞા અને જાવડા; તેમજ પોતાના મોટાભાઈ રત્નાશાહના કુટુંબનું પણ વર્ણન છે, ત્યારપછી લખે છે.

"त्रैलोक्यदीपकाभिधानः श्रीचतुर्मुखयुगादीश्वरविहारः कारितः प्रतिष्ठितः श्रीबृहत्तपागच्छे श्रीजगच्चन्द्रसूरि श्रीदेवेन्द्रसूरि संताने श्रीमत् श्रीदेवसुंदरसूरिपट्टप्रभाकर परमगुरू सुविहित पुरंदर गच्छाधिराज श्रीसोमसुंदरसूरिभिः"

આ લેખ ઘણી જ મહેનતે ઉતારી લીધો હતો, છતાંયે અમુક પંક્તિઓ ન ઊકેલી શકાઈ. તે ત્યારપછી ઘણા સમયે શ્રીમાન્ જિનવિજયજીના લેખ સંગ્રહ ભાગ બીજાના આધારે સુધારી લીધી.

આ ભવ્ય વિશાલ મંદિર જોઈ સર જેમ્સ ફર્ગ્યુસનના મન ઉપર જે અસર થઈ તે આપણે તેના શબ્દોમાં જ જોઈએ.

"આ સ્તંભોનો વનનો અંદરનો ભાગ જોવાથી જે દેખાવ દૃષ્ટિગોચર થાય છે તે તેના એક મંડપના દૃશ્ય ઉપરથી જણાય છે, પરંતુ સ્તંભોની આવી ગોઠવણીથી અજવાળાના આડકતરા માર્ગને લીધે તથા અજવાળુ આવવાના દ્વારોની રચનાને લીધે ગમે તેવા દૃશ્યમાં પણ એ ચિતાર બરાબર ઉતારી શકાય તેમ નથી. વળી તીર્થંકરોની પ્રતિમાઓવાળી દેવકુલિકાઓની સંખ્યા ઉપરથી પણ આશ્ચર્ય લાગે છે. મધ્યમાં આવેલા બાર દેવગૃહો ઉપરાંત અંદરના ભાગની આજુબાજુએ આવેલી ૮૬ દેવકુલિકાઓ છે અને તેમનાં મુખભાગો ઉપર કોતરકામ કાઢેલાં છે." છેલ્લે આ વિદ્વાન લખે છે :–

"આ બધા ઉપરથી મન ઉપર ઘણી સારી અસર થાય તેમ છે. ખરેખર આવી સારી અસર કરે એવું તથા સ્તંભોની સુંદર ગોઠવણી વિશે સૂચના કરે એવું હિંદુસ્તાનમાં બીજું એક પણ દેવાલય નથી."

"ગોઠવણીની ઉત્તમતા ઉપરાંત બીજી જાણવાલાયક બાબત એ છે કે તેણે રોકેલી ૪૮૦૦૦ ચો. ફુ. એટલે કે મધ્યકાલીન યુરોપીય દેવળોના જેટલી છે અને કારીગરી તથા સુંદરતામાં તો તેમના કરતાં પણ ચઢે [1]તેમ છે."

( શ્રીમાન જિનવિજયજીનો લેખસંગ્રહ ભા. ૨ )

૧. History of India & Eastern Architecture P. P. 241-2



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજે પણ રાણકપુરજીના મંદિરના દર્શન કરવાથી દર્શકોને અતીવ આહ્લાદ ઉત્પન્ન કરાવે છે.

મંદિરના બાંધકામમાં મજબૂત એવા પથ્થરનો ઉપયોગ થયો છે કે સેંકડો વર્ષ થવા છતાંયે તે પથ્થરો ઘસાયા નથી. પ્રાયઃ ત્રીસ બત્રીસ પગથિયા ચઢી આપણે મંદિરની પ્રથમ સપાટીએ જઈને ઊભા રહીએ છીએ કે યુગાદીશ્વર શ્રી આદિનાથ પ્રભુનાં દર્શન થાય છે. ત્યાંથી ચોતરફ દષ્ટિ નાંખતાં સુંદર દેરીઓ અને આરસના મજબૂત સ્થંભો દેખાય છે. મંદિરનો આખો દેખાવ ત્યાંથી એવો રમણીય લાગે છે કે ઘડીભર ત્યાં ઊભા રહી મંદિરની કલામય બાંધણીનાં દર્શન કરવાનું મન થાય. મંદિરજીમાં કુલ ૧૪૪૪ થાંભલા છે. થાંભલાની લાઈન લાગેલી છે, પણ ખૂબી એ છે કે એક પણ થાંભલો દેરીની આડે નથી. ત્રાંસમાંથી જુવો તો પણ દર્શન થાય. થાંભલાની સામે થાંભલો અને દેરીની સામે દેરી છે. કેટલાક થાંભલા તો બહુ જ કિંમતી કારીગરીવાળા છે, ચારે બાજુ ૭૨ દેરીઓ છે. ચારે ખૂણે બબે મંદિરજી—મોટી દેરીઓ છે. આ દરેકના સભામંડપ ને રંગમંડપ પણ અલગ અલગ છે. મુખ્ય મંડપ ઉપર માળ પણ છે. ચારે બાજુ એવા જ માળ છે. એકલો યાત્રી તો જરૂર ભૂલી જાય કે મેં અહીં દર્શન કર્યાં કે નહિ? બસ કલાકારની ખરી ખૂબી, અદ્‌ભુત રચનાકૌશલ્ય અને નિર્માણચાતુર્ય અહીં ઉતર્યું છે. અહીંના થાંભલા ગણતાં માણસ ભૂલી જાય છે. અમને એવું અભિમાન હતું ૧૪૪૪ થાંભલા ગણવા એમાં તે કઈ મોટી વાત છે? પણ એ અભિમાન અહીં ઉતરી ગયું. અમારી પહેલા ઘણાએ થાંભલા ગણવાના પ્રયત્નો કર્યાનાં નિશાનો ત્યાં હતાં એમાં અમારો વધારો થયો પણ થાંભલા ગણી શકાયા નહિં.

અહિં અમે કેટલાક શિલાલેખો લીધા તેમજ પૂ. પા. આચાર્યમહારાજશ્રી વિજય-લબ્ધિસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ્રવર્તકજી શ્રીમાન્ ભુવનવિજયજી મહારાજ તથા અન્ય બાલમુનિરત્નો ત્યાં હાજર હતા અને એ મહાત્માઓએ જ થાંભલા ગણવાનું શુભ કામ શરૂ કર્યું. બધાયે યથાશક્તિ પ્રયત્ન કર્યો પણ ૧૪૪૪ની સંખ્યા પૂરી ન થઈ શકી અમને લાગ્યું કે હવે પ્રયત્ન કરવામાં આપણે ફલિભૂત થઈ શકીએ તેમ નથી. આ મંદિરજીમાં ૮૪ વિશાલ ભોંયરાં હતાં. આજે મૂલમંદિર-જીમાં પાંચ ભોંયરાં અને બીજા બે દહેરાસરોમાં બે ભોંયરા મળી કુલ સાત ભોંયરાં છે. અમે કુલ સાતે ભોંયરાં જોયાં. ભોંયરામાં ચૌદમી શતાબ્દિથી લઈને સત્તરમી શતાબ્દિ સુધીમા બનેલી સુંદર જિનપ્રતિમાઓ છે. કેટલીક સુંદર ચોવીશીઓ છે. ધાતુનિ પ્રતિમાઓ પણ વિપુલ સંખ્યામાં છે. એક ભોંયરામાં ૧૫૧૧ નાં સંવતનો સુંદર આયાગપટ છે. આવા આયાગપટો મથુરાના કંકાલીટીલામાંથી નીકળ્યા છે જે બેથી અઢી હજાર વર્ષ જેટલા પ્રાચીન છે આ આયાગપટો જૈનો પોતાના ઘરમાં પૂજા માટે રાખતા. સોળમી શતાબ્દિ સુધી આયાગપટો બન્યા હતા તેમ આ રાણકપુરજીના આયાગપટોથી માલૂમ પડે છે. આ ભોંયરામાં બિરાજમાન જિનવરેન્દ્રની બધી પ્રતિમાઓ ધાતુની પ્રતિમાઓના પણ શિલાલેખ લેવામાં આવે તો જૈન ધર્મના ઈતિહાસમાં કેટલુંક નવું જાણવાનું મળે તેમ છે. કેટલાયે આચાર્યોનાં નામ, દાનવીર ગૃહસ્થોના કુટુમ્બોના નામ તથા કાર્ય જાણવા મળે છે.

(ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથાવલોકન

**ધર્મકથાઓ :**—લેખક–શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા.
પ્રકાશક–શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ,
ગોડીજી બીલ્ડીંગ, ૨૦ વિજયવલ્લભ ચોક, કાલબાદેવી, મુંબઈ નં. ૨
કિંમત ૦–૭૫ પૈસા

મુંબઈમાં ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે કામ કરતી, શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ અને શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી. આ બધી સંસ્થાઓનો અભ્યાસક્રમ ભિન્ન ભિન્ન પ્રકારનો હતો તે પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીજીએ ખુબ પરિશ્રમ લઈને ત્રણે સંસ્થાઓને માન્ય પ્રકારનો એકજ અભ્યાસક્રમ તૈયાર કરી આપ્યો. તે અભ્યાસક્રમના એક ભાગ રૂપે આ 'ધર્મકથાઓ' પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં આપણા પાંચ તીર્થંકરો, ભગવાન ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામિના ટુંકા ચરિત્રો ઉપરાંત શ્રીપાળ-મયણા અને ચંદન બાળાની કથાઓ આપવામાં આવેલ છે.

ધર્મકથાઓના સિદ્ધહસ્ત લેખક ભાઈશ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ, સાદી અને સરળ ભાષામાં તેમજ બાળભોગ્ય શૈલિમાં તૈયાર કરેલ આ પુસ્તક બાળકોના કોમળ માનસમાં ધર્મ સંસ્કારોનું સિંચન કરવામાં ખરેખર બહુ ઉપયોગી પુરવાર થશે તેમ લાગે છે.

ધાર્મિક અભ્યાસ કરાવતી દરેક પાઠશાળાઓએ આ પુસ્તક અવશ્ય વસાવવા અને અભ્યાસ કરાવવા જેવું છે.

**જૈન ધર્મ અને માંસાહાર-પરિહાર**—લેખક–શાહ રતિલાલ મફાભાઈ.
પ્રકાશક–હિંસા વિરોધક સંઘ. નગરશેઠનો વંડો, જુની સીવીલ પાસે, અમદાવાદ
કિંમત રૂા. ૧–૦૦

જૈન ધર્મનું હાર્દ સમજ્યા વિના કેટલાક પંડિતોએ માંસાહાર વિષે કરેલા વિધાનોનું નિરસન કરવાનો, આ પુસ્તકમાં ભાઈ રતિભાઈએ ખૂબ શ્રમ લઈને સારો પ્રયાસ કર્યો છે. અભ્યાસીઓએ ખાસ વાંચવા જેવું આ પુસ્તક છે.

**શારદા-પરિમલ**—પ્રવચનકાર–પૂ. બા. બ્ર. વિદુષી શ્રી શારદાબાઈ મહાસતીજી
સંપાદક–પૂ. કમળાબાઈ મહાસતીજી
પ્રકાશક–સંઘવી જીવણલાલ પદમશી, ૨૫ સંઘવી સદન, ભારત સોસાયટી,
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર) કિંમત રૂા. ૪–૦૦

આ ગ્રંથ ભાઈ વલ્લભદાસ ફુલચંદભાઈ તરફથી સભાને ભેટ મળેલ છે.

પૂજ્ય બાલ બ્રહ્મચારી વિદુષી શ્રી શારદાબાઈ મહાસતીજીએ સં. ૨૦૨૬ની સાલના ચાતુર્માસમાં, રાજકોટમાં, ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનમાં આવેલ છ જીવના અધિકાર ઉપર વ્યાખ્યાનો આપેલ તેનો સંગ્રહ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે.

સાદી, સરળ અને હૃદયસ્પર્શી વાણીમાં, ઠેરઠેર દૃષ્ટાંતો સાથે અપાયેલ અધ્યાત્મલક્ષી પ્રવચનોનો આ સંગ્રહ મુમુક્ષુઓએ અવશ્ય વાંચવા, વિચારવા અને મનન કરવા જેવો છે.

**સુંદરદાસ 'રાજા વિક્રમ જીત' કોણ હતો? લેખક–શ્રી 'પાર્શ્વ'**
પ્રકાશક–શ્રીઆર્યરક્ષિત પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર પાલીતાણા
કિંમત રૂા. ૨–૦૦

ભારતના મોગલકાલીન ઈતિહાસને સ્પર્શતી આ એક સંશોધનાત્મક વિચારણા છે. આ વિષયમાં રસ લેનારાઓને આમાં ઘણી ઉપયોગી માહીતી મળે તેમ છે. અનંતરાય જાદવજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જા હે રા ત

જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

"આત્માનંદ પ્રકાશ"નો અંક હવે ફાગણ-ચૈત્રનો સંયુક્ત અંક મહાવીર જન્મકલ્યાણક અંક તરીકે તા. ૨૧-૩-૭૨ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારી તેમજ પોસ્ટલના વધેલા દરને અંગે આ માસિક ખોટમાં ચાલે છે. એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને અંકને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરી રહ્યા છીએ. અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "મહાવીર જન્મકલ્યાણક" અંક તરિકે પ્રગટ કરી બને તેટલી વિશેષ રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ, અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલા વેલાસર મોકલી અમોને આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે તો વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ-સંસ્થાઓને અમારી વિનંતિ છે કે આ જયંતિ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ ખાસ અંકમાં અપાતી જાહેરાતનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો ખાત્રી આપીએ છીએ.

## —: જાહેરાતના દર :—

| | |
|---|---|
| અંદરનું પેજ આખું : રૂા. ૫૦ | પેજ અર્ધું : રૂા. ૩૦ |
| ટાઇટલ પેજ બીજું અથવા ત્રીજું : રૂા. ૬૦ | ટાઇટલ પેજ ચોથું : રૂા. ૭૫ |

**આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.**

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ. આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only